દસ્તાવેજી પુરાવો રજૂ કરવામાં આવેલ નથી. જપ્ત કરેલા મુદ્દામાલની ઓળખ, તેની ચોક્કસ માત્રા અને આરોપી સાથેનો તેનો સીધો સંબંધ સાબિત કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ રહ્યો છે. એટલું જ નહીં, પોલીસ દ્વારા લેબોરેટરી (FSL) રિપોર્ટ પણ રજૂ કરવામાં આવેલ નથી અને સાક્ષીઓના નિવેદનોમાં ઘણી વિસંગતતાઓ જોવા મળી છે. કાયદાકીય પ્રક્રિયા (પ્રોટોકોલ) નું પાલન પણ યોગ્ય રીતે થયેલું જણાતું નથી.ભારતીય ન્યાય વ્યવસ્થાના સિદ્ધાંત મુજબ, કોઈપણ આરોપીને સજા કરવા માટે તેનો ગુનો 'નિઃશંકપણે' સાબિત કરવાની જવાબદારી ફરિયાદપક્ષની હોય છે. આ કેસમાં પંચનામાની અવિશ્વસનીયતા અને પુરાવાઓના અભાવને જોતા આરોપીની સંડોવણી સાબિત થતી નથી. જ્યારે કેસમાં શંકા ઉભી થાય ત્યારે તેનો લાભ આરોપીને મળવો જોઈએ. આ તમામ સંજોગોને ધ્યાને રાખી, ન્યાયના હિતમાં આરોપી સામેનો ગુનો સાબિત ન થતો હોવાથી, મુદ્દા નંબર ૧ નો જવાબ 'નકારમાં' આપી મુદ્દા નંબર ૨ મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**- :: હુ ક મ :: -**

(૧) આ કામના **આરોપી:- દક્ષાબેન જયંતિભાઈ કાળુભાઈ કાછડીયા રહે.૦૮ ગણપતિ મહોલ્લો અમ્રુતનગર હરીનગર ૨ ઉધના સુરત** નાઓને બી. એન. એસ. એસ ની કલમ-૨૭૧ અન્વયે ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ-૬૫-એએ મુજબના શિક્ષાનેપાત્ર ગુનામાંથી શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવા નો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામે આરોપીએ અગાઉ આપેલ જામીન બી.એન.એસ.એસ ની કલમ-૪૮૧ મુજબ અપીલ સમય સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આ કેસના મુદ્દામાલના નિકાલ અંગે ઠરાવવામાં આવે છે કે, જો આ કેસમાં મુદ્દામાલ બાબતે અગાઉ કોઈ વચગાળાનો હુકમ કરવામાં આવેલ હોય, તો તે હુકમ આથી કાયમ રાખવામાં આવે છે. પરંતુ જો આવો કોઈ વચગાળાનો હુકમ ન થયો હોય, તો આ કેસની અપીલ માટેનો નિયત સમય મર્યાદા પૂર્ણ થયા બાદ, પ્રવર્તમાન નિયમો અનુસાર મુદ્દામાલનો નિકાલ કરવાનો રહેશે.

આ હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવીને જાહેર કરવામાં આવ્યો છે.

**વાપી.** **(મોહંમદ ફરહાદ સલીમ લોહિયા)**

**તા. ૨૦/૦૭/૨૦૨૬** **બીજા જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ**
**વાપી**
**જજ કોડ નં. જી. જે. ૦૧૬૭૬**